# શ્રાવણમાં સરવરિયા વરસાવતા મેઘરાજા વરસાદી વાદળો દુર હટતા ઉઘાડ નિકળ્યો

## શહેરમાં સિઝનનો ૩૮૪ મી મી વરસાદ : ઝાપટીયા વરસાદના અંતે વાતાવરણમાં બફારો અનુભવતા નગરજનો : આજે દિવસ દરમિયાન આકાશ ચોખ્ખુ રહ્યુ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં વરસાદી મોસમનો નગરજનો અલપ ઝલપ અહેસાસ કરી રહ્યા છે. શહેરમાં ચોમાસાની શરૂઆતથી મેઘરાજાનો મિજાજ મંદ જોવા મળી રહ્યો છે. જુલાઈના અંતમાં બે ત્રણવાર ભારે ઝાપટા વરસતા નગરજનોને રાહત થઈ હતી. પરંતુ રાજયમાં સાર્વત્રિક વરસાદની મહેર વચ્ચે ગાંધીનગરમાં હજુ મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ નગરજનોમાં પ્રબળ બની છે. શ્રાવણ માસની શરૂઆતે ગઈકાલે સરવરિયા વરસાવ્યા બાદ આજે દિવસ દરમિયાન ઉઘાડ નિકળ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૫.૫ ઈંચ વરસાદ થયો છે.

ગાંધીનગરમાં ચોમાસાની શરૂઆતથી વરસાદનો મિજજા મંદ જોવા મળે છે. વરસાદી દિવસોની શરૂઆતથી જ ક્યારેક ધીમી ધારે તો કયારેક છાંટણા વરસાવી વિખેરાઈ જતા વરસાદી વાદળોના લીધે નગરજનો પણ વિચિત્ર મોસમનો અનુભવ કરી રહ્યા છે. જો કે ટીપે ટીપે વરસતા વરસાદના અંતે શહેરમાં અત્યાર સુધી અંદાજિત ૩૮૫ મી મી જેટલો એટલો ૧૫.૫ ઈંચ વરસાદ થઈ ગયો છે. જો કે તડકી છાયડીના વાતાવરણના અંતે મેઘરાજાનો મિજાજ મંદ જોવા મળી રહ્યો છે. મેઘરાજા ધોધમાર વરસતા નથી. ગઈકાલે દિવસના ઉઘાડ બાદ સાંજે વાદળિયા વાતાવરણ વચ્ચે પલવાર માટે હળવુ ઝાપટુ વરસ્યુ હતુ જેના લીધે નવા સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદના લીધે સેકટરોમાં કાદવ કિચ્ચડ અને ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે આજે સવારથી જ વાતાવરણમાં ઉઘાડ જોવા મળ્યો હતો. વરસાદી વાદળો દુર હટતા આકાશ પણ ચોખ્ખુ રહ્યુ હતુ. સેકટરોમાં વરસાદી સમસ્યાઓથી નગરજનો તોબા પોકારી ગયા છે. જયારે હવે વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છર ઉત્તપિત સ્થાનો વધતા રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે.

સેકટરોના આંતરિક માર્ગોના રીસરફેસીંગને નિયત સમય પુર્ણ થઈ ગયો હોવાની સાથે વરસાદી પાણીની અસરથી રસ્તાઓનુ સંપુર્ણ ધોવાણ થયુ છે. જેના લીધે માર્ગ પર ઉડતી ડામરની કાંકરીઓથી વાહનચાલકો પણ પરેશાન છે. વરસાદી વાયરા વચ્ચે શહેરમાં ગરમીનો પારો નીચે ઉતરી ગયો છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૨ .૮ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડીગ્રી રહ્યુ હતુ લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૬ થી ૭ ડીગ્રીનો તફાવત જોવા મળે છે.

બીજીતરફ સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ પણ ૭૫ થી ૮૫ ટકા રહે છે. જો કે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ વરસાદની ગેરહાજરી રહેતા નગરજનો ઉકળાટ અનુભવી રહ્યા છે. જયારે આજે ઉઘાડ નિકળતા સવારથી જ વાતાવરણમાં નગરજનોએ બફારાનો અહેસાસ કર્યો હતો.



### ’હર ઘર તિરંગા’ અભિયાનનો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીથી પ્રારંભ

ભારતે ઓગસ્ટ ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત કરી તે ઐતિહાસિક અને રાષ્ટ્રીય ઘટનાને બહુ મહત્ત્વપૂર્ણ ઘટના તરીકે લઈ આ વર્ષ આઝાદીના અમૃત મહોત્સવ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં અનેક પ્રકારના રચનાત્મક કાર્યક્રમો અને ઉત્સવોની ઉજવણી વર્ષની શરૂઆતથી જ થઈ રહી છે. દેશના લોકોમાં રાષ્ટ્રપ્રીતિ અને રાષ્ટ્રભક્તિને જગાડતું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીનું એક ઉમદા અભિયાન ’હર ઘર તિરંગા’ને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ રચનાત્મક અભિગમ તરીકે લઈ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની બહારની દિવાલ પર ૫૬૧ ફૂટનો લાંબો તિરંગો તૈયાર કર્યો હતો. જેને ખૂબ જ સારો જન પ્રતિસાદ મળતા આજે તારીખ બીજી ઓગસ્ટના રોજ આ ઉત્સવ યાત્રાનો ગુજરાત ભરમાં પ્રચાર પ્રસાર થાય તે માટે ‘હર ઘર તિરંગા’ નામે એ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# કોલવડામાં ડ્રાફ્ટ ટી પી સ્કીમ નં-૧૫ને મંજુરી : સુવિધાના કામો ઝડપથી થશે

## કોલવડા વિસ્તારમાં ઇડબલ્યુએસ ના ૧૫૦૦ આવાસોનુ નિર્માણ કરાશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગર અમદવાદ અને ભાવનગરમાં કુલ પાંચ ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજુરી આપી છે. ગાંધીનગરમાં પણ કોલવડાની ટી પી સ્કીમ નં -૧૫ ને પ્રિલીમીનરી મંજુરી આપવામાં આવી છે. જયારે કોલવડા વિસ્તારમાં હવે માળખાગત સુવિધાના અને વિકાસના કામે તેજ ગતિએ હાથ ધરાશે આ વિસ્તારમાં અંદાજિત ૧૫૦૦ જેટલા ઈ ડબલ્યુ એસના આવસો પણ બાંધવામાં આવશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પાંચ પ્રિલીમરી ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજુરી આપી છે. જેમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળની સ્કીમ નં -૧૨૮, ગેરતપુર, ગાંધીનગર મહાનગરપાલિકાની ટી પી સ્કીમ નં -૧૫ તેમજ ભાવનગર વિકાસ સત્તા મંડળની ટી પી સ્કીમ નં -૪ વરતેજનો સમાવેશ થાય છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ટી પી સ્કીમ નં -૧૫ કોલવડાને પણ અનુમતિ અપાતા હવે આ વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો તેજ બનવાની સાથે નવા આવાસો પણ બાંધવામાં આવશે કોલવડા વિસ્તારમાં ઈ ડબલ્યુ એસ ના ૧૫૦૦ આવાસો બાંધવામાં આવશે. આ ઉપરાંત આ વિસ્તારમાં રોડ નેટવર્ક, પાણી ગટર, સ્ટ્રીટ લાઈટ સહીતની માળખાગત સુવિધાઓ પણ યોગ્ય થશે. ટી પી સ્કીમનં મંજુરી અપાતા આંતરમાળખાકીય સુવિધાઓ ઝડપથી મળી રહેશે. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે અનેક વિધ વિકાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જયારે શહેર આસપાસના વિસ્તારમાં પણ ઝડપથી વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જયારે કોલવડા વિસ્તારમાં પણ પ્રિલીમનરી ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજુરી અપાતા હવે આ વિસ્તારમાં વિકાસના કામો ઝડપથી હાથ ધરાશે. વાવોલ , સરગાસણ અને કુડાસણમાં ગુડા દ્વારા નવા આવાસો બાંધવામાં આવ્યા છે તેવી રીતે કોલવડામાં પણ નવા આવાસો બાંધવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં કોલવડાના આ વિસ્તારમાં ૧૫૦૦ જેટલા મકાનો બાંધવામાં આવશે.

# કોરોનાનો કહેર : શહેર-જિલ્લામાં ૭૫ કેસ

## શહેરમાં નવા ૪૧ અને ગ્રામ્યમાં ૩૪ દર્દીઓ નોંધાયા : બે દર્દીને સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરાયા : એક્ટીવ કેસની સંખ્યા ૪૫૦ને પાર : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૩ કેસ, ગાંધીનગરમાં ૮, માણસામાં ૧ અને કલોલમાં ૨૨ કેસ નોંધાયા : શહેરમાં આજે પેથાપુર અને સે. ૨૯માં ૫-૫ કેસ, સરગાસણમાં ૪ કેસ, સે. ૭ માં ૩ કેસ, સે. ૨, ૬, ૨૦, ૩૦, બોરીજમાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૩, ૪, ૮, ૧૨, ૧૩, ૨૨, ૨૩, ૨૪, ૨૫, જીઈબી, કુડાસણ, રાયસણ, વાવોલમાંથી પણ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના કેસોમાં આવેલા ઉછાળાએ તંત્રમાં હડકંપ મચાવી દીધો છે. ગાંધીનગર શહેરમાં આજે નવા ૪૧ અને ગ્રામ્યમાં નવા ૩૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં વધુ એક વખત ઉછાળો જોવા મળ્યો છે. શહેર-જિલ્લામાં એક્ટીવ કેસોની સંખ્યા ૪૫૦ના આંકને પાર કરી ગઈ છે. કોરોના પોઝીટીવીટીના રેટમાં પણ સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

કોરોનાને લઈ શહેરમાં એક અને જિલ્લાના ગ્રામ્યમાં એક એમ બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેર-જિલ્લામાં આજે ૩૭ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે. શહેરમાં ૨૭ દર્દીઓ અને ગ્રામ્યમાં ૧૦ દર્દીઓ રિકવર થયા છે.

લોકલ ટ્રાન્સમિશનથી જ મોટાભાગના કેસો નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં સારવાર માટે

● અનુસંધાન પાન-૭ પર

### સિઝનલ ફ્લુનો એક કેસ ગાંધીનગર સિવિલમાં નોંધાયો

ગાંધીનગર, તા. ૨

કોરોનાના કહેર વચ્ચે ગાંધીનગરમાં સિઝનલ ફ્લુનો એક કેસ નોંધાયો છે. જો કે આ દર્દી મહેસાણા જિલ્લાનો રહેવાસી હતો અને તંદુરસ્ત થતાં તે તેના ઘરે પરત ફર્યો છે.

કોરનાના એક્ટીવ કેસો ૪૫૦ને પાર થયા હોય આજે રાજ્યના આરોગ્ય વિભાગના અધિક નિયામકે વિવિધ જિલ્લાના આરોગ્ય અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી કોરોનાની સમીક્ષા કરવા સાથે સિઝનલ ફ્લુના કેસ વધે નહિ તે જોવા તાકીદ કરી હતી. તેમણે સર્વેલન્સ સઘન કરવા અને કોરોના ગાઈડલાઈનના પાલનની સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ હતુ.

### મંકી પોક્સના રોગ માટે સિવિલમાં ૪ બેડ ઉભા કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ મંકી પોક્સના કેસોની સારવાર માટે ખાસ અલાયદી સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

આજે આ માટે જિલ્લા આરોગ્યતંત્ર અને સિવિલ સત્તાવાળાઓની યોજાયેલ સંયુક્ત બેઠકમાં કોર કમિટીની રચના પણ કરવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મંકી પોક્સના દર્દીઓ માટે ખાસ ૪ બેડનો એક અલાયદો વોર્ડ ઉભો કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ સૂચનાઓ, ગાઈડલાઈન સહિતના મુદાઓ અંગે તેમજ સારવારને લઈ ચર્ચાઓ થઈ હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે. મંકી પોક્સનો કોઈ કેસ હજુ રાજ્યમાં નોંધાયો નથી પણ તંત્ર આ માટે સજ્જ થઈ ચુક્યુ છે.

# વરસાદી દિવસોના અંતે શહેર જિલ્લાના માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે

## ચોમાસા દરમિયાન સેકટરોના આંતરિક માર્ગો તેમજ તાલુકા કક્ષાએ જોડાયેલા વિવિધ માર્ગોનુ ધોવાણ : નિયત સમય પણ પુર્ણ થયો છે ત્યારે વરસાદી પાણીના ભરાવાથી માર્ગોની હાલત વધુ કફોડી બની

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોની દશા વધુ ખરાબ થઈ છે. સેકટરોમાં પણ ચાર વર્ષના નિયત સમયના અંતે માર્ગોની સુધારણા હાથ ધરવી અનિવાર્ય બની છે. જયારે વરસાદી દિવસોમાં પાણીના ભરાવાથી સેકટરોના આંતરિક વિસ્તારમાં રોડ નેટવર્ક ઉબડ ખાબડ બન્યુ છે. આ ઉપરાંત જિલ્લાના વિવિધ માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ હાથ ધરવુ અનિવાર્ય છે જયારે વરસાદી દિવસોના અંતે સર્વે હાથ ધરીને શહેર જિલ્લાના વિવિધ માર્ગોની સુધારણા માટે કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે.

ગાંધીનગર જિલ્લામાં ચોમાસા દરમિયાન ધોવાણ થયેલા માર્ગોની સુધારણાના કામો હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. જયારે આ માટે તંત્ર કક્ષાએથી દરખાસ્ત તૈયાર કરીને પણ સરકારને મોકલી દેવાશે. જિલ્લાના ચારેય તાલુકામાં માર્ગ સુધારણા અન્વયે એક બીજા માર્ગને જોડાયેલા રસ્તાઓની સુધારણા વિશેષ હાથ ધરવામાં આવશે. છેલ્લા ઘણાં સમયથી જિલ્લામાં માર્ગોની સુધારણા માટે મોટી રકમને મંજુરી આપવામાં આવી છે. જયારે આ ઉપરાંત તાલુકા મથકોને જોડતા માર્ગોની સુધારણા પણ હાથ ધરાશે. જેમાં ગાંધીનગર તાલુકા ઉપરાંત દહેગામ અને માણસા તાલુકામાં પણ વિવિધ માર્ગોની સુધારણા હાથ ધરવામાં આવશે. જેમાં તાલુકા મથક અલબત્ત મુખ્ય શહેરને અન્ય તાલુકા સાથે જોડાયેલા માર્ગોને અગ્રતા આપવામાં આવશે. ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પણ સામાન્ય વરસાદના અંતે જ માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે આ પૈકી ઘણાંખરા માર્ગો છેવાડાના ગામ સમાન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. પાટનગર યોજના વિભાગ દ્વારા આ મામલે સર્વે હાથ ધરી માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. શહેરી વિસ્તારમાં મોટાભાગના આંતરિક માર્ગો તેમજ મુખ્ય અને સર્વિસ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ હાથ ધરવામાં આવશે. માર્ગ મકાન વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર પાટનગરમાં સાત ઉભા અને સાત આડા તેમજ કુલ ૧૪ માર્ગોની સ્થિતિ ચોમાસા દરમિયાન સારી રહી છે. જયારે માર્ગોમાં જયાં ઉબડ ખાબડ બન્યા હોય ત્યાં પેચવર્ક હાથ ધરવામાં આવશે. ચોમાસાના અંતે જ

● અનુસંધાન પાન-૭ પર



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને સાલસ વ્યક્તિત્વ ધરાવનાર વિજયભાઈ રૂપાણીના જન્મ દિવસની ઉજવણી ઠેર ઠેર અનોખી રીતે કરવામાં આવી. ગાંધીનગર મહાનગરપાલિકાના મહિલા કોર્પોરેટરોએ રાખડી બાંધી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી.

# રાજ્યમાં કોરોનાના ૮૭૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના કેસ ૬૦૦ થી વધુ આવી રહ્યા છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૭૪ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૧૦૩૦ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું નથી. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૩ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૬,૨૫૭ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૩ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૬,૨૪૪ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૩૯,૪૨૩ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૭૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૨૮૭ કેસ સામે આવ્યા છે. વડોદરા કોર્પોરેશનમાં ૯૨, ગાંધીનગર કોર્પોરેશનમાં ૪૧, વડોદરામાં ૩૮, મહેસાણામાં ૩૭, સુરત કોર્પોરેશનમાં ૩૫, ગાંધીનગરમાં ૩૪, રાજકોટ કોર્પોરેશનમાં ૩૧, પાટણમાં ૨૬, કચ્છમાં ૨૫, રાજકોટમાં ૨૫, બનાસકાંઠામાં ૨૧, મોરબીમાં ૧૯, સુરતમાં ૧૮, ભાવનગર કોર્પોરેશનમાં ૧૬, નવસારીમાં ૧૫, સાબરકાંઠામાં ૧૫, આણંદમાં ૧૩, વલસાડમાં ૧૩, અમરેલીમાં ૧૨, જામનગર કોર્પોરેશનમાં ૯, અમદાવાદમાં ૮, ભરૂચમાં ૮, અરવલ્લીમાં ૬, ગીર સોમનાથમાં ૬, ખેડામાં ૬, પંચમહાલમાં ૬, જામનગરમાં ૪, સુરેન્દ્રનગરમાં ૩, જૂનાગઢમાં ૨, પોરબંદરમાં ૨, બોટાદમાં ૧ અને તાપીમાં ૧ કેસ નોંધાયો છે.

# ગાંધીનગરના જન્મદિવસની કેક કાપીને ઉજવણી કરાઈ

## શહેરને જન્મદિવસની શુભેચ્છા પાઠવી મહાનુભાવોએ નગરને હરિયાળુ અને સ્વચ્છ બનાવવાની નેમ વ્યક્ત કરી



ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેરના ૫૮ માં જન્મદિવસની આજે જી ઈ બી ગેસ્ટ હાઉસ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. શહેરની પ્રથમ ઈંટ જયાં મુકાઈ હતી તે સ્થળે નગરના મહાનુભાવોએ દિપ પ્રગટાવી અને કેક કાપીને નગરને જન્મદિવસની સાદગીસભર રીતે ઉજવણી કરી હતી. આ તબક્કે એકમેકને શહેરના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી નગરને હરિયાળુ અને સ્વચ્છ બનાવવા માટે પ્રત્યેક નાગરિક જાગૃત બને તેવી અપીલ કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા દરવર્ષે ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે. જી ઈ બી ગેસ્ટ હાઉસ ખાતે જયાં નગરની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે સ્થળે આજે સવારે ૯ કલાકે દિપ પ્રાગ્ટય કરીને શહેરીજનોને નગરના જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી આ તબક્કે ગાંધીનગરના મેયર હીતેશ મકવાણાએ નગરજનોને શહેરના ૫૮ માં સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી શહેર વિશ્વનુ સૌથી હરિયાળુ નગર બનાવવાની ખેવના વ્યકત કરી હતી. મ્યુનિસિપલ કમિશ્નર ધવલ પટેલે પણ શહેરમાં હરિયાળી નિખારવા સાથે સ્વચ્છતા જાળવવા નાગરિકો જાગૃત થાય તે અનિવાર્ય હોવાનુ જણાંવ્યુ હતુ. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ તબક્કે ગાંધીનગરની સ્મૃતિઓ વાગોળતા જણાંવ્યુ હતુ ગાંધીનગર આપણા સૌનુ છે તેની જાળવણી કરવી એ દરેક નાગરિકની ફરજ છે. જયારે ગ્રીન સીટીની ઓળખ મેળવવા હરિયાળી નિખારવા માટે સૌ કામે લાગી જાય તેમ પણ તેમણે જણાવ્યુ હતુ. ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ , મહાનગરપાલિકાના કમિશ્નર ધવલ પટેલ, જી ઈ બીના ચીફ ઈજનેર એ એમ ઘેરવારા નગર સેવક ભરત દિક્ષિત , ગૌરાંગ વ્યાસ , સહીતના અધિકારીઓ જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ , નિશિત વ્યાસ , સંજય થોરાત, પ્રદિપ સોલંકી , કિશોર જીકાદરા, ભાનુભાઈ દવે, કશ્યપ મહેતા, દિનેશસિંહ ચાવડા , વિનોદ ઉદેચા, નિસર્ગ બુચ સહીત નગરજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. મહામંડળના સુધીર દેસાઈએ કાર્યક્રમનુ સંચાલન કર્યુ હતુ. ગાંધીનગરના ૫૮ માં જન્મદિવસની ઉજવણી પ્રસંગે નગરના અગ્રણીઓએ નગરને હરિયાળુ બનાવવાની નેમ વ્યકત કરી હતી જયારે અનેકવિધ વિકાસ કામોની સાથે શહેરમાં સ્વચ્છતા અને હરિયાળી નિખરે તે પણ મહત્વનુ હોવાનુ જણાંવી આ દિશામાં તંત્રની સાથે નાગરિકોને પણ કાર્યરત રહેવા અપીલ કરવામાં આવી હતી.

### જન્મદિનની શુભેચ્છાઓ ગાંધીનગર : અમિત શાહ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના જન્મદિને નગરજનોને અભિનંદન આપતુ ટ્વીટ કેન્દ્રના ગૃહ અને સહકાર મંત્રી અમીત શાહે કર્યું છે.

અમિત શાહે તેમના ટ્વીટમાં જણાવ્યું છે કે ‘ગુજરાતનું હૃદય, હરિયાળુ પાટનગર ગાંધીનગરને સ્થાપના દિનની અનેકાનેક શુભકામનાઓ. ગાંધીનગર સંસદીય ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરવુ મારા માટે ગૌરવની વાત છે. આપણુ સંસદીય ક્ષેત્ર સમગ્ર દેશમાં સૌથી વિકસિત અને વધુ હરિયાળુ બની વિકસતુ અને વિસ્તરતુ રહે, જન્મદિનની શુભેચ્છાઓ ગાંધીનગર.’’

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com